અપીલ અરજી નં.૧૩૪ તા.૨૩–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મોહંમદ યાકુબ અબ્દુલરહમાન પટવા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદ યાકુબ અબ્દુલરહમાન પટવા ની તા.૧૮–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧)વોર્ડ.નં૧૧નોંધ ૧૪૫૧ નાણાવટ ચીનીવાળાની પોળમાં થઈ રહેલ ગેરકાયદે /પ્લાન વિરુધ્ધના બાંધકામ અંગે નુરૂદ્દીન , મારફતીયાએ તા. ૧૩–૧–૧૧ના રોજ આરટીઆઈ અન્વયે આઈ.ડી.નં ૧૦૬૪થી માંગેલી માહિતીની વિગત વિ.મુદ્દા નં .(૧) થી(૮) નીમાહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૩૪ /૨૦૧૧–૧૨

શ્રી મોહંમદ યાકુબ અબ્દુલરહમાન પટવા ની તા.૧૮–૫–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧)વોર્ડ.નં૧૧નોંધ ૧૪૫૧ નાણાવટ ચીનીવાળાની પોળમાં થઈ રહેલ ગેરકાયદે /પ્લાન વિરુધ્ધના બાંધકામ અંગે નુરૂદ્દીન , મારફતીયાએ તા. ૧૩–૧–૧૧ના રોજ આરટીઆઈ અન્વયે આઈ.ડી.નં ૧૦૬૪થી માંગેલી માહિતીની વિગત વિ.મુદ્દા નં .(૧)થી(૮) નીમાહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૨ તા.૩૦–૬–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૫–૧૧ ની અરજીથી વોર્ડ નં.૧૧ નોંધ નં.૧૪૫૧ નાણાવટ ચીનીવાળાની પોળમાં થઈ રહેલ ગેરકાયદે /પ્લાન વિરુધ્ધના બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે તા.૨૩–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં. (૧)વોર્ડ.નં૧૧નોંધ ૧૪૫૧ નાણાવટ ચીનીવાળાની પોળમાં થઈ રહેલ ગેરકાયદે /પ્લાન વિરુધ્ધના બાંધકામ અંગે નુરૂદ્દીન , મારફતીયાએ તા. ૧૩–૧–૧૧ના રોજ આરટીઆઈ અન્વયે આઈ.ડી.નં ૧૦૬૪થી માંગેલી માહિતીની વિગત. મુદ્દા નં.(૨) તે અંગે આપવામાં આવેલ જવાબ. મુદ્દા નં.(૩) જો સમય મર્યાદામાં જવાબ આપવામાં આવેલ ન હોય તો તે સમય મર્યાદામાં જવાબ ન આપવાના કારણો. તે જવાબ આપવા માટે જવાબદાર કર્મચારી અધિકારીઓના નામ અને હોદ્દાની વિગત. મુદ્દા નં.(૪) નિયત સમય મર્યાદામાં જો જવાબ ન આપવામાં આવે તો જવાબદાર વિરુધ્ધ કાયદા મુજબ શું પગલા લઈ શકાય. મુદ્દા નં.(૫) તેવા પગલા લેવામાં આવ્યા છે કે કેમ? મુદ્દા નં.(૬) ન લેવામાં આવ્યા હોય તો તે માટેના કારણો. મુદ્દા નં.(૭) વોર્ડ નં.૧૧ નોંધ ૧૪૫૧ માં હાલમાં જે ૩ માળનું પ્લાન વિરુધ્ધનું બાંધકામ થઈ રહેલ છે તે અટકાવવા માટે નુરૂદ્દીન મારફતીયા સિવાય અન્ય કોઈ અરજી કરવામાં આવી હોય તો તેની વિગત અને તેના ઉપરના જવાબ. મુદ્દા નં.(૮) તેવું બાંધકામ હાલ સુધી ચાલુ છે તે ચાલુ રહેવા પાછળના કારણો. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી કે માહિતી ના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. અરજદારની અરજીના મુદ્દા પૈકી નં.૧,૨ તથા ૭ થી માંગેલ માહિતી પ્રથમદર્શી રીતે જોતાં કલમ–૮(૧)(જ) હેઠળના અપવાદ પૈકી આવી શકે. તેમ છતાં તે ઉપલબ્ધ દફતર અને માહિતીના વિષય વસ્તુ પર નિર્ભર છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૮–૫–૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ મુદ્દા નં.૧,૨, તથા ૭ અંગે કાયદાની કલમ–૮ હેઠળના અપવાદને અનુલક્ષી યોગ્ય નિર્ણય કરી જો અપવાદ કે કલમ–૧૧ હેઠળનો કેસ હોય તો તેવા મુદ્દા પરત્વે તેવી પ્રક્રિયા હાથ ધરી તે અંગેનો નિર્ણય અરજદારને જણાવવા અગર માહિતી આપવા નિર્ણય હોય તો દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે આપવા તથા મુદ્દા નં.૪ થી ૬ તથા ૮ અંગે દફતરી હકીકતલક્ષી માહિતી દિન–૧૫ માં અત્રેની જાણ હેઠળ અરજદારને કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મોહંમદ યાકુબ અબ્દુલરહમાન પટવા,